હની બી નેટવર્ક

# વાનગી હરીફાઈમાં ભાગ લઈ ઈનામ જીતો

## સૃષ્ટિ રજૂ કરે છે...

સૃષ્ટિ

# પારંપરિક વીસરાતી વાનગીઓની હરીફાઈ

| વાનગી હરીફાઈનું સ્થળ અને કાર્યક્રમની રૂપરેખા | |
|---|---|
| **તારીખ** | ૧૯ ડિસેમ્બર, ૨૦૧૪, શુક્રવાર |
| **સ્થળ** | ન્યુ કેમ્પસ, આઈ.આઈ.એમ, વસ્ત્રાપુર, અમદાવાદ (અંધજન મંડળથી વસ્ત્રાપુર તરફ જતાં પ્રથમ દરવાજો |
| **સમય** | બપોરે ૧૨.૦૦ થી ૩.૦૦ (ડેકોરેશન માટે અડધો કલાક સમય આપવામાં આવશે) |

સૃષ્ટિ સંસ્થા દ્વારા વીસરાતી જતી પરંપરાગત વાનગીઓની હરીફાઈનું વિશેષ આયોજન કર્યુ છે. સમયના બદલાવ અને આધુનિક વિકાસ સાથે આવા હલકા ધાન્યો અને ઘણી અપ્રચલિત વનસ્પતિઓનું સ્થાન આપણા આહારમાંથી અદ્રશ્ય થઇ ગયું છે. ત્યારે પુનઃ આ પરંપરાને સજીવન કરવા શહેરમાં વીસરાતી જતી વાનગીઓની હરીફાઈ યોજવાનું આયોજન કર્યું છે. એવા અનાજ કે વનસ્પતિ જેનું ખેતરમાં સીધે-સીધુ વાવેતર ન થતુ હોય પણ શેઢા પાળે કે ખેતરમાં આપ મેળે ઊગી નીકળતી હોય અથવા જેનું બજારમાં વેચાણ પ્રચલિત ન હોય તેવી પરંપરાગત વાનગીઓ, મોરડની ભાજી, ચીલની ભાજી, નાળાની ભાજી, ઉમરાનું શાક, ગુંદીના ફૂલની ભાજી, ખાટી આંબલીના ફૂલની ભાજી, ચટણી, કઢી, ડોડીના મુઠીયા, અરણીના ફૂલની કઢી વિગેરે જેવી હજારો વનસ્પતિઓ આપણા રોજિંદા આહારમાંથી લુપ્ત થઇ રહી છે. આવી અપ્રચલિત વનસ્પતિઓમાંથી બનતી વાનગી આ સાથેના બીડાણ પત્રક મુજબના ક્રમમાં વિગતો લખી મોકલવાની રહેશે.

**વાનગી હરીફાઈમાં ભાગ લેવા માટેના નિયમોઃ**

૧. એક સ્પર્ધક એક કરતા વધુ વાનગીઓની વિગતો મોકલી શકશે.
૨. આ વાનગીઓમાં કૃત્રિમ રંગો કે એસેન્સનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે.
૩. આ વાનગી ખાવાથી આરોગ્યને થતા ફાયદા અને તેનું સાંસ્કૃતિક મહત્વ જણાવવાનું રહેશે.
૪. આ વાનગી બનાવવામાં તેલ, ખાંડ અને ઘીનો અલ્પતમ ઉપયોગ થયો હોય તે ઇચ્છનીય છે.
૫. વાનગીઓ સંપૂર્ણ શાકાહારી હોવી જોઈએ. તેમ જ સ્પર્ધકે વાનગી ઘરેથી બનાવીને લાવવાની રહેશે.
૬. વાનગી હરીફાઈમાં ભાગ લેનાર સ્પર્ધકોને સ્વખર્ચે અમદાવાદ ન્યુ કેમ્પસ IIM, વસ્ત્રાપુર ખાતે (હરીફાઈના સ્થળે) રૂબરૂ આવવાનું રહેશે.
૭. વાનગી બનાવવાની જે રીત સંસ્થામાં લખી મોકલી હોય તેની નકલ હરીફાઈ સમયે સ્પર્ધકે વાનગી સાથે મુકવાની રહેશે.
૮. વાનગી હરીફાઈમાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે જયારે સર્વશ્રેષ્ઠ ત્રણ વિજેતાઓને પ્રમાણપત્ર ઉપરાંત શિલ્ડ પણ આપવામાં આવશે.
૯. ઈનામ વિતરણ સમયે હાજર ન રહેનારે ૨૫ ડિસેમ્બર પછી સૃષ્ટિ સંસ્થામાંથી રૂબરૂ ઈનામ કે પ્રમાણપત્ર લેવાનું રહેશે.
૧૦. સંસ્થા દ્વારા વાનગી સંદર્ભે કોઈપણ પ્રકારનું પ્રકાશન કરતી વખતે જે તે વાનગી સાથે સ્પર્ધકનું નામ પ્રકાશિત કરીશું.
૧૧. નિયમોમાં ફેરફારના તમામ હક્કો આયોજક પાસે રહેશે.
૧૨. ઈનામ વિજેતાની જાહેરાત ૧૯ ડિસેમ્બર-૨૦૧૪ના રોજ સાંજે આઠ વાગે સૃષ્ટિની વેબ સાઈટ (sristi.org) પર જાહેરાત કરવામાં આવશે. તમામ સ્પર્ધકોને સાત્વિક મહોત્સવના ઉદ્ઘાટન સમારોહમાં નિમંત્રણ પાસ આપવામાં આવશે.

**નોંધણીની અંતિમ તારીખ :-**

આ વાનગી હરીફાઈમાં ભાગ લેવા માટે હલકા ધાન્યો કે જેનો ઉપયોગ રોજિંદા જીવનમાં આપણે કરતા નથી. આવા ધાન્યોનો ઉપયોગ કરી કોઈપણ મૌલિક વાનગી લખી મોકલવાની રહેશે. વાનગી લખી મોકલવાની છેલ્લી **તા. ૫ ડિસેમ્બર, ૨૦૧૪** છે.

---

**વાનગી સ્પર્ધામાં ભાગ લેવા નોંધણી કાર્યાલયનું સ્થળ :**

**સૃષ્ટિ સંસ્થા :** AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને SBI બેંક પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
ફોન નં : ૦૭૯-૨૭૯૧૨૭૯૨, ૨૭૯૧૩૨૯૩, Email : sattvik@sristi.org, www.sristi.org

હની બી નેટવર્ક

# સાત્ત્વિક ૨૦૧૪

સૃષ્ટિ

### "સાત્ત્વિક આહાર- સાત્ત્વિક વિચાર"

## વીસરાતી વાનગીઓની હરીફાઈ-૧૨

તારીખ:…………………

પૂરુ નામ:……………………………………………

સરનામું:……………………………………………

……………………………………………

ફોન:……………………………………(મો) ……………………………

ઈમેલ:……………………………………………

વાનગીનું નામ:……………………………………………

જરૂરી સામગ્રી/પદાર્થો પ્રમાણ સાથે :……………………………………………

……………………………………………

……………………………………………

વાનગી બનાવવાની રીતનું ક્રમશ: વર્ણન:……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

ઉપયોગમાં લીધેલ પદાર્થોનું ઔષધીય મહત્વ:……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

ફાયદા:……………………………………………

……………………………………………

……………………………………………

……………………………………………

(એક કરતાં વધુ વાનગીઓ આવકાર્ય છે. ઝેરોક્ષ કરીને અથવા આ જ ક્રમમાં સાદા કાગળમાં પણ વિગતો લખી શકાય છે.)